

# શબરીનું સત્વ

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

રામાયણનું શબરીનું નામ હજારો વર્ષો પછી પણ સૌ અધ્યાત્મના અભીપ્સુઓ, ઉપાસકો, સાધકો, મુમુક્ષુઓને પ્રેરક બની રહ્યું છે એ તેના અસ્તિત્વ અને વ્યકિતત્વના સત્ત્વનું દ્યોતક છે. શબરી ભીલ હતી પણ તેણે તેનાં ભીતરનાં કમાડોને ખોલી નાંખ્યાં અને રામનામના મંત્રને અસ્તિત્વમાં એકાકાર કરી દીધો.

શબરીની વાત તો સૌ કોઈ જાણે જ છે પણ તેની ભીતરમાં ભક્તિનો જે જુવાળ પ્રગટ્યો હતો તે મને સ્પર્શી ગયો છે અને તે અંગે મારું દર્શન રજૂ કરવાનો ઉપક્રમ છે.

શૈશવમાં જ તેના લગ્નની તૈયારી થવા માંડી. જમણ માટે હજારો પશુઓ ઘરઆંગણે બાંધવામાં આવ્યાં. બાળક શબરીએ માને પૂછ્યું, ‘‘મા, આ શું થઈ રહ્યું છે? આ આટલાં બધાં પશુઓ કેમ આપણા ઘરઆંગણે લાવ્યાં છો?’’ માએ કહ્યું, ‘‘બેટા, તારા લગ્નની તૈયારી થઇ રહી છે અને જાનૈયાઓનાં ભોજન માટે આ પશુઓનું માંસ પીરસવામાં આવશે.’’ આ હકીકત તેના ચિત્તમાં ઘોળાવા લાગી. તેને થયું કે આ અબોલ પશુઓની કતલ મારા લગ્ન માટે કરવાની? તેનામાં માનવતા જાગી ઊઠી. રાત્રે તે ઊઠી અને બધાં જ પશુઓને મુક્ત કરી દીધાં. પોતે પણ ઘર છોડી ચાલી નીકળી. મૂક પશુઓ આનંદિત થઇ ઊઠ્યાં. તેઓએ શબરીને અંતરના આશીર્વાદ આપ્યા કે જેમ તેં અમને મુક્ત કર્યાં તેમ તને પણ મુક્તિ મળજો.

શબરી માતંગ ઋષિના આશ્રમ પાસે પહોંચી ગઇ. આશ્રમની સાફસફાઇ કરે, અન્ય કાર્યો કરે અને છુપાઇ જાય. તે કદી પોતાને પ્રગટ ન કરે. એમ તે સતત મૂક સેવા કરતી રહી. આશ્રમના શિષ્યોને પણ શરૂઆતમાં ખ્યાલ નહોતો આવતો. આથી તેઓએ પણ છુપાઇને તપાસ કરવા માંડી. આખરે તેઓએ એક દિવસ જોયું કે એક કન્યા સાફસફાઇ કરીને ચાલી જાય છે. શિષ્યોએ માતંગ ઋષિને જાણ કરી. માતંગ ઋષિએ શબરીને બોલાવી અને પૂછ્યું. ‘‘બેટા તું કોણ છે? અહીં કેમ આવી છે?’’ શબરીએ કહ્યું: ‘‘ગુરુદેવ,હું ભીલ જ્ઞાતિની શબરી છું.’’ અને પછી તેણે બધી હકીકત જણાવી. ત્યાર બાદ શબરી માતંગ ઋષિના આશ્રમમાં રહીને જીવન વિતાવવા લાગી. માતંગ ઋષિએ તેને આશીર્વાદ આપ્યા કે એક દિવસ અહીં રામ આવશે અને તને એના દર્શન થશે. બસ, ત્યારથી જ શબરીએ રામનામને જીવનમંત્ર બનાવી દીધો. એટલું જ નહીં, તેણે પૂછ્યું પણ નહીં ‘‘ગુરુદેવ, રામ ક્યારે આવશે’’. તેને તો એક જ રટણ હતું કે રામ આવશે. રામની પ્રતીક્ષામાં તે સતત રામનામનું રટણ કરવા લાગી.

સાધકો, મુમુક્ષુઓ, અધ્યાત્મના અભીપ્સુઓ માટે બે-ત્રણ વાત અહીં ઉજાગર થાય છે એમ હું સમજુ છું.

પહેલી વાત તે માનવતાનો અસ્તિત્વમાં ઉઘાડ. રામ- ઈશ્વરદર્શન માટે કદાચ માનવતાનો ઉઘાડ સૌ પ્રથમ જરૂરી છે. એ કરુણાનિધાનને પામવા અસ્તિત્વ કરુણાર્દ્ર હોવું અનિવાર્ય છે. આ કરુણાર્દ્રતા જ કરુણાનિધાન સુધી લઈ જાય છે. ગમે તેટલા જપ-ધ્યાન પણ માનવતા વિના વ્યર્થ છે એમ સમજાય છે.

બીજી વાત છે મંત્રજપની. શ્રદ્ધાની. શબરીએ રામનામનો મંત્ર જપવો શરૂ કરી દીધો. એ સાથે જ તેને શ્રદ્ધા હતી કે ‘રામ આવશે’. આપણે ઈશ્વરના શરણે જઈએ છીએ. ઉપાસના કરીએ છીએ પણ શ્રદ્ધાનો અભાવ હોય છે. શ્રદ્ધા અતૂટ નથી હોતી. જિંદગીની અંધકારમય ક્ષણોમાં તેને ચરણે-શરણે વાતની રજૂઆત કરી દીધી એટલે એ એની ફરજ બની જાય છે. આપણે નિશ્ચિંત થઇ જઈએ અને શબરીની માફક રટણ કર્યા કરીએ કે મારો રામ- ઈશ્વર- જે કોઈ સ્વરૂપ સ્વીકાર્યું હોય તે- મારી સમસ્યાઓનો ઉકેલ લાવશે જ. આ હું હવે તને સોંપું છું. મારી લાજ તારા હાથમાં છે અને પછી પ્રતીક્ષા કરીએ કે શું થાય છે? એમ કહેવાય છે કે શબરીએ પારાવાર પ્રતીક્ષા કરી અને રામ આવ્યા. ઈશ્વરદર્શન પ્રતીક્ષાને અંતે મળે છે. એ પ્રતીક્ષામાં શ્રદ્ધા સમાયેલી છે. શ્રદ્ધામાં પ્રતીક્ષા સમાયેલી છે. ઈશ્વર જોશે જ કે મારો ભકત મારા ભરોસે બેઠો છે એટલે તે આપણને મદદ કરવા દોડી આવશે જ.

રામ- ઈશ્વરદર્શન માટે કદાચ માનવતાનો ઉઘાડ સૌ પ્રથમ જરૂરી છે. કરુણાનિધાનને પામવા અસ્તિત્વ કરુણાર્દ્ર હોવું અનિવાર્ય છે. આ કરુણાર્દ્રતા જ કરુણાનિધાન સુધી લઇ જાય છે. ગમે તેટલા જપ-ધ્યાન પણ માનવતા વિના વ્યર્થ છે એમ સમજાય છે.

શબરી સતત આશ્રમમાં છુપાઈને સેવા કરતી રહી. આ હકીકત આજના સમયમાં વિશેષ ધ્યાનાર્હ બને છે. સેવાનું પ્રદર્શન ન હોય. સેવા નિષ્કામ હોવી જોઈએ. આજે સેવા પ્રદર્શન બની ગઇ છે.

પ્રતિષ્ઠા- પ્રસિદ્ધિ મેળવવા સેવાનો આશ્રય લેવાય છે. પણ મૂક સેવા તો ક્યારેક ને ક્યારેક છતી થશે જ અને જે પ્રતિષ્ઠા પ્રસિદ્ધિ આપશે- અપાવશે તે અનન્ય હશે.

શબરીને સેવાથી ગુરુપ્રાપ્તિ થઈ. ગુરુપ્રાપ્તિથી રામના દર્શનનો આદેશ આપ્યો. એ આદેશના સ્મરણનું સાતત્ય રામને શબરી સુધી લઈ ગયું. શબરીએ કોઈ વિચાર ન કર્યો કે રામ ક્યારે આવશે.

એણે તો એક જ રટણ પકડી લીધું. બસ, ‘‘રામ આવશે.’’ શબરીના પાત્રની આ દિવ્યતા છે. શબરીના વ્યકિતત્વનું આ સત્ત્વ છે. તેથી જ તો રામ આવ્યા અને નવધા ભક્તિનું જે નિદર્શન શબરીને કર્યું તે આજે હજારો વર્ષો

# ગુજરાતની પ્રેરણાદાયી બે દિવ્ય વિભૂતિઓ

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

આમ નામ મેં લીન હૈ, દેખત સબમેં રામ’ અને ‘શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન’, ‘પરસ્પર દેવો ભવ’ને સાર્થક કરનાર આપણા ગુજરાતની બે દિવ્ય વિભૂતિઓ સંત શ્રી જલારામ બાપા અને શ્રી રંગ અવધૂતજીની આ સપ્તાહમાં જન્મ જયંતી છે. તેમનો પ્રભાવ સમગ્ર દેશ અને દુનિયાના હિન્દુ સમાજ પર છે. બંને વિભૂતિઓ પોતપોતાની રીતે વિશિષ્ટ અને અનોખી છે. તેમની તુલના કરી ન શકાય છતાં સામાજિક ચેતનાની જાગૃતિ, ભક્તિ અને સેવાની જ્યોત અખંડ છે.

આ જ સપ્તાહમાં સૂર્ય ષષ્ઠી છે. સૂર્ય અને તેની પૂજાનો મહિમા દર્શાવતું આ પર્વ વિશેષ રૂપે પૂર્વ ભારતના બિહાર, છત્તીસગઢ જેવાં રાજ્યો અને દક્ષિણ નેપાળમાં ઉજવાય છે અને તે માટે લોકો દૂર દૂરથી અથવા જ્યાં પણ વસતા હોય ત્યાં છઠપૂજાનો ઉત્સવ ઉજવે છે. સંતાન, પતિના દીર્ઘાયુ અને આરોગ્ય સાથે પરિવારમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ રહે. ભય,



સંકટમુક્તિ માટે ઉત્સવ ઉજવાય છે. નદી, સરોવર, તળાવ કિનારે ઊગતા-આથમતા સૂર્યની વિશેષ પૂજાનું વિધાન છે. કારતક સુદ આઠમ ગોપાષ્ટમી તરીકે પણ ઉજવાય છે. હિન્દુ પરંપરા અનુસાર ગાય માતાની અને ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવામાં આવે છે કેમ કે આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે પહેલી વાર ગોચરણ કર્યું હતું તેની સ્મૃતિમાં ગોપાષ્ટમી પર્વ ઉજવાય છે.

કુષ્માંડ નવમી, આમળા નવમી, અક્ષય નોમ, કારતક શુક્લ પક્ષની નોમને દિવસે ઉજવાય છે. ધાર્મિક માન્યતા અનુસાર આમળા નવમીથી ‘દ્વાપર યુગ’નો પ્રારંભ થયો હતો. આમળા નવમીએ વ્રત રાખીને ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. માન્યતા મુજબ આમળા નવમીથી આમળાના વૃક્ષમાં ભગવાન વિષ્ણુનો વાસ હોય છે અને તે કારતકી પૂનમ સુધી તેમાં શ્રી હરિનો વાસ રહે છે. તે દિવસે વ્રત, પૂજા કરવાથી અક્ષય પુણ્યની પ્રાપ્તિ થતી હોવાથી તે અક્ષય નોમ કહેવાય છે. ભગવાન વિષ્ણુએ તે દિવસે કુષ્માંડ નામના અસુરનો વધ કર્યો હોવાની કથાને કારણે કુષ્માંડ નવમી પણ કહેવાય છે. ‘નારેશ્વરના નાથ’ તરીકે જાણીતા પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજની જન્મ જયંતી પણ આ નોમના દિવસે દત્ત ભક્તો મોટા પાયે ઉજવે છે. કારતક શુક્લ પક્ષના અંતિમ પાંચ દિવસો ભીષ્મપંચક વ્રતના હોય છે. મોક્ષ આપનાર અને પાપનાશક વ્રત, વિધિવિધાનપૂર્વક કરવાથી ભગવાન શ્રીકૃષ્ણની અનંત કૃપા પ્રાપ્ત થાય છે એવી માન્યતા હોવાથી ભક્તો વ્રત કરે છે.

કારતક સુદ એકાદશી દેવઊઠી અગિયારસ તરીકે ઓળખાય છે. ચાર માસ યોગ નિદ્રામાં પોઢી ગયેલા ભગવાન વિષ્ણુનો ઊઠવાનો દિવસ છે એટલે કે પ્રબોધિની એકાદશી તરીકે પણ ઉજવાય છે. દેવઊઠી અગિયારસથી લગ્ન સહિતનાં શુભ કર્મો ફરી શરૂ કરી શકાય છે. આજ દિવસે પુરાણ કથા અનુસાર તુલસીવિવાહનો ઉત્સવ ખૂબ ધામધૂમથી, ભક્તિપૂર્વક રીત-રિવાજો સાથે ઉજવાય છે. તુલસીજીને નવોઢાનો શણગાર, કન્યાદાન વગેરે વિધિ સાથે તુલસીવિવાહ સંપન્ન કરવામાં આવે છે. આ જ દિવસે ચાતુર્માસના વ્રત પૂરા થતાં વ્રતધારીઓ પારણાં કરે છે. એક જ સ્થાને રોકાણ કરનારા સાધુ, સંતો વિહાર કરવાનું શરૂ કરે છે.

‘વૈષ્ણવોના કુંભ’ તરીકે ઓળખાતી પંઢરપુર યાત્રા મહારાષ્ટ્રમાં ભગવાન વિષ્ણુના એક સ્વરૂપ વિઠ્ઠલને સમર્પિત છે. દૂર દૂરથી ભક્તો વિઠ્ઠલ-રુકમણીના દર્શને પગપાળા ઉમટે છે. પાલખીઓ આવે છે. સદીઓ જૂની આ પરંપરામાં લાખો ભક્તો પંઢરપુરની યાત્રામાં જોડાય છે. ધન્યતા અનુભવે છે.

અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો એમ ચાર મહિના દરમિયાન શિવ,ગણેશ, પિતૃતૃપ્તિ, નવરાત્ર, દિવાળી, નૂતન વર્ષ, ભાઈબીજ, ગોવર્ધન પૂજા સહિતના ઉત્સવો, વ્રતો, લોક તહેવારોથી ભરપૂર ચાતુર્માસ દેવ ઊઠી અગિયારસે વિરમે છે. વ્રત, જપ, પૂજાપાઠ, ભક્તિ દ્વારા પ્રાપ્ત થયેલી શક્તિ-ઊર્જાથી ભક્તો વધુ સક્રિય બને છે.

ગુજરાતના ભક્તો અને લોહાણા સમાજ જલારામ બાપાના મહિમાથી પરિચિત છે જ. સૌરાષ્ટ્રના વીરપુરમાં તારીખ 4-11-1799માં અભિજીત નક્ષત્રમાં કારતક સુદ સાતમે શ્રી પ્રધાન ઠક્કર અને શ્રી રાજબાઈ ઠક્કરને ત્યાં અવતરેલા પનોતા પુત્ર જલારામને બાળપણથી ભક્તિ, સેવામાં રસ હતો. ફતેપુરના શ્રી ભોજલરામ બાપા પાસે ગુરુકંઠી બંધાવી હતી. સંવત 1876 સોમવારથી સદાવ્રતની શરૂઆત કરી, સ્વાભાવિક રીતે પ્રારંભિક થોડી મુશ્કેલીઓ બાદ શરૂ થયેલું સદાવ્રત આજ પર્યંત વીરપુરમાં ચાલે છે એટલું જ નહીં પરંતુ અન્ય મંદિરો, સેવાસંસ્થા, આશ્રમો માટે એક પ્રેરણાસ્ત્રોત બન્યું છે. ન્યાત-જાત, ધર્મના ભેદ વગર સમાનતા દાખવનાર જલારામ બાપાના કેટલાક પરચા બાદ ‘જલા સો અલ્લાહ’ કહેવાયા. સંવત 1886માં સાધુ સ્વરૂપે પધારેલા ભગવાને જલારામ પાસે પત્ની વીરબાઈ માની માંગણી કરી કસોટી કરી છેવટે ‘ઝોળી-ઝંડો’ આપ્યા જે આજે પણ વીરપુરના જલારામ મંદિરમાં દર્શનાર્થે રાખવામાં આવ્યા છે. કહે છે કે ભગવાન દત્તાત્રેયે સ્વયં એ ‘ઝોળી ઝંડો’ આપ્યા હતા. સાદગીભર્યા જીવન દરમિયાન તેમણે અનેક લીલાઓ કરી અને પરચાઓ આપ્યા.

ધાર્મિક માન્યતા અનુસાર આમળા નવમીથી ‘દ્વાપર યુગ’નો પ્રારંભ થયો હતો. આમળા નવમીએ વ્રત રાખીને ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. માન્યતા મુજબ આમળા નવમીથી આમળાના વૃક્ષમાં ભગવાન વિષ્ણુનો વાસ હોય છે અને તે કારતકી પૂનમ સુધી તેમાં શ્રી હરિનો વાસ રહે છે. તે દિવસે વ્રત, પૂજા કરવાથી અક્ષય પુણ્યની પ્રાપ્તિ થતી હોવાથી તે અક્ષય નોમ કહેવાય છે

મહા વદ દશમ 1837 માં 81 વર્ષની વયે હરિ સ્મરણ કરતા વૈકુંઠવાસી થયા. તેમણે શરૂ કરેલી સદાવ્રતની જ્યોત જલારામ બાપાની દીકરીના વંશજોએ જલતી રાખી છે જેની વીરપુરમાં અનુભૂતિ થાય છે.

જલારામ મંદિરની વિશેષતા એ છે કે છેલ્લા બે દાયકાથી પણ વધુ સમયથી કોઈ પણ પ્રકારનાં દાન કે ભેટ સ્વીકારવાનો વિનમ્રતાથી ઈન્કાર કરવામાં આવે છે છતાં અન્નદાન સહિતની પ્રવૃત્તિઓ ઉત્તમ રીતે ચાલે છે જે જલારામ બાપાની શ્રદ્ધા ભક્તિની અનુભૂતિ છે. ગુજરાતમાં દત્તભક્તિ ને વિશાળ વટ વૃક્ષ બનાવનાર ‘નારેશ્વરના નાથ’ તરીકે જાણીતા અને ભક્તોના વહાલા બાપજી, દત્તાવતારી શ્રી રંગ અવધૂત મહારાજ દ્વારા રચિત ‘દત્તબાવની’ અને ‘શ્રી ગુરુલીલામૃત’ શિરમોર રચના દેશ તથા દુનિયાના દત્ત ભક્તોમાં જાણીતી છે, પ્રેરણા રૂપ છે.’ ઉપદેશ કરતા આચરણનો મહિમા’ સમજાવતા રંગ બાપજીએ ધર્મશાસ્ત્ર, વેદ, ઉપનિષદોના ગૂઢ રહસ્યોને સરળ ભાષામાં સમજાવતું સાહિત્ય રૂપે ઉમદા જ્ઞાન ભાથું સમાજને આપ્યું છે. તેમના જીવન દરમિયાન અનેક લીલાઓ, પરચાઓ દ્વારા ભક્તોની દત્ત પ્રત્યેની શ્રદ્ધા ભક્તિ દ્રઢ બનાવી છે અને આજે પણ ભક્તોને તેની અનુભૂતિ થાય છે. ‘ઈદં ન મમ’.